એવા પરમેષ્ઠીની સાથે પ્રણિધાન કર્તાનો અભેદ છે. 'જેમ 'अर्हम्' આ મંત્રાક્ષર પરમેષ્ઠીનું વાચક છે તેમ તેમનાથી અભિન્ન એવા મારું પણ વાચક છે.' આ રીતે પોતાના શુદ્ધ આત્માના પરમાત્માની સાથેના અભેદનું જે ધ્યાન છે તેને પ્રણિધાન કહેવાય છે. જે તાત્ત્વિક નમસ્કાર સ્વરૂપ છે. જેથી નમસ્કાર કર્તા સ્વયં નમસ્કાર્ય બને છે.॥૧॥

### सिद्धिः स्याद्वादात् १।१।२॥

સ્યાદ્વાદ એટલે અનેકાંતવાદ. સ્યાદ્વાદથી, પ્રકૃત - આ વ્યાકરણમાંના શબ્દોની સિદ્ધિ એટલે ઉત્પત્તિ અને જ્ઞાન જાણવું. આશય એ છે કે નિત્યત્વ અનિત્યત્વ ભેદ અભેદ ઈત્યાદિ અનંતધર્મોથી યુક્ત એવી વસ્તુમાં નિત્યત્વ અનિત્યત્વાદિ ધર્મોનો ભિન્ન ભિન્ન અપેક્ષાએ સ્વીકાર કરવો એ અનેકાંતવાદ છે. આ વ્યાકરણમાં જે જે સમ્યક્ શબ્દોની સિદ્ધિ કરાઈ છે. એ સિદ્ધિ અનેકાંતવાદ વિના શક્ય નથી. શબ્દમાં નિત્યત્વ અને અનિત્યત્વ, ભેદ અને અભેદ ઈત્યાદિ વિરુદ્ધ ધર્મોનો સમાવેશ ન માનીએ તો શબ્દોનો પરસ્પરનો વિશેષણ-વિશેષ્યભાવ, હ્રસ્વ - દીર્ઘાદિ આદેશ, વગેરે જે ફેરફાર છે તે ઘટી શકે નહીં. સર્વવ્યવહારની ઉપપત્તિની જેમ જ શબ્દોની ઉપપત્તિ પણ અનેકાંતવાદને આધીન છે. એ અનેકાંતવાદથી અસત્કાર્યવાદીના મતે સાધુશબ્દોની ઉત્પત્તિ અને સત્કાર્યવાદીના મતે શબ્દોની જ્ઞપ્તિ (જ્ઞાન) થાય છે. અનેકાંતવાદ વિના શબ્દોમાં થતાં ફેરફાર શા માટે સંગત થતાં નથી, સત્કાર્યવાદ અને અસત્કાર્યવાદ માનનારનો કયો આશય છે.... ઈત્યાદિ વસ્તુને, ભણાવનાર પાસેથી બરાબર સમજવી જોઈએ. ॥૨॥

### लोकात् १।१।३॥

સંયોગાદિ સંજ્ઞાઓ, ઘટ્ટાલાલાદિ ન્યાયો અને 'अ आ इ ई .... ' ઈત્યાદિ વર્ણોનો અનુક્રમ વગેરે જે આ વ્યાકરણમાં કહ્યું નથી